શ્રી દત્ત દત્ત ભગવન્ વિભુનીડ દત્ત ।
શ્રી દત્ત દત્ત ભગવન્ હતપીડ દત્ત
શ્રી દત્ત દત્ત ભગવન્નપનીડ દત્ત ॥ ૪૮ ॥

શ્રી દત્ત દત્ત ભગવન્ વિજનેશ દત્ત
શ્રી દત્ત દત્ત ભગવન્ સુજનેશ દત્ત ।
શ્રી દત્ત દત્ત ભગવન્નૃવરેશ દત્ત
શ્રી દત્ત દત્ત ભગવન્ શબરેશ દત્ત ॥ ૪૯ ॥

શ્રી દત્ત દત્ત શશિસૂર્યસુનેત્ર દત્ત
શ્રી દત્ત દત્ત અનિલેશસુપત્ર દત્ત ।
શ્રી દત્ત દત્ત શરદમ્બુજવક્ત્ર દત્ત
શ્રી દત્ત દત્ત સહનાતિસુશસ્ત્ર દત્ત ॥ ૫૦ ॥

શ્રી દત્ત દત્ત ભજતામ્ વરદેષ્ટ દત્ત
શ્રી દત્ત દત્ત ભજતામ્ હિતકષ્ટ દત્ત ।
શ્રી દત્ત દત્ત વદતામતિસ્પષ્ટ દત્ત
શ્રી દત્ત દત્ત તપતામતિશિષ્ટ દત્ત ॥ ૫૧ ॥

શ્રી દત્ત દત્ત હતદાનવ દત્ત દત્ત
શ્રી દત્ત દત્ત વૃતતાનવ દત્ત દત્ત ।
શ્રી દત્ત દત્ત અતિમાનવ દત્ત દત્ત
શ્રી દત્ત દત્ત બહુધા નવ દત્ત દત્ત ॥ ૫૨ ॥

શ્રી દત્ત દત્ત વચસામતિક્લિષ્ટ દત્ત
શ્રી દત્ત દત્ત નમતામ્ હિતદિષ્ટ દત્ત ।
શ્રી દત્ત દત્ત સ્મરતામ્ કૃતસ્વિષ્ટ દત્ત
શ્રી દત્ત દત્ત સુરકિન્નરશિષ્ટ દત્ત ॥ ૫૩ ॥

શ્રી દત્ત દત્ત અવધૂત રસેશ દત્ત
શ્રી દત્ત દત્ત અવધૂત કણેશ દત્ત ।
શ્રી દત્ત દત્ત અવધૂત ફલેશ દત્ત
શ્રી દત્ત દત્ત અવધૂત ઘનેશ દત્ત ॥ ૫૪ ॥

શ્રી દત્ત દત્ત અવધૂત જલેશ દત્ત
શ્રી દત્ત દત્ત અવધૂત સ્થલેશ દત્ત ।
શ્રી દત્ત દત્ત અવધૂત મહેશ દત્ત
શ્રી દત્ત દત્ત અવધૂત ગ્રહેશ દત્ત ॥ ૫૫ ॥


શ્રી દત્ત દત્ત અવધૂત કલેશ દત્ત
શ્રી દત્ત દત્ત અવધૂત ખલેશ દત્ત ।
શ્રી દત્ત દત્ત અવધૂત બલેશ દત્ત
શ્રી દત્ત દત્ત અવધૂત હલેશ દત્ત ॥ ૫૬ ॥

શ્રી દત્ત દત્ત અવધૂત ધરેશ દત્ત
શ્રી દત્ત દત્ત અવધૂત નરેશ દત્ત ।
શ્રી દત્ત દત્ત અવધૂત પરેશ દત્ત
શ્રી દત્ત દત્ત અવધૂત વરેશ દત્ત ॥ ૫૭ ॥

શ્રી દત્ત દત્ત અવધૂત કવીશ દત્ત
શ્રી દત્ત દત્ત અવધૂત ગવીશ દત્ત ।
શ્રી દત્ત દત્ત અવધૂત પવીશ દત્ત
શ્રી દત્ત દત્ત અવધૂત રવીશ દત્ત ॥ ૫૮ ॥

શ્રી દત્ત દત્ત અવધૂત ક્ષમેશ દત્ત
શ્રી દત્ત દત્ત અવધૂત દમેશ દત્ત ।
શ્રી દત્ત દત્ત અવધૂત યમેશ દત્ત
શ્રી દત્ત દત્ત અવધૂત રમેશ દત્ત ॥ ૫૯ ॥

શ્રી દત્ત દત્ત ભગવન્નમરેશ દત્ત
શ્રી દત્ત દત્ત ભગવન્નનલેશ દત્ત ।
શ્રી દત્ત દત્ત ભગવન્નવરેશ દત્ત
શ્રી દત્ત દત્ત ભગવન્નિલેશ દત્ત ॥ ૬૦ ॥



શ્રી દત્ત દત્ત વસુધાધિપ દત્ત દત્ત
શ્રી દત્ત દત્ત સુરપાદપ દત્ત દત્ત ।
શ્રી દત્ત દત્ત વિબુધાધિપ દત્ત દત્ત
શ્રી દત્ત દત્ત અજપાજપ દત્ત દત્ત ॥ ૬૧ ॥

શ્રી દત્ત દત્ત ભગવન્નતિધીર દત્ત
શ્રી દત્ત દત્ત ભગવન્નતિવીર દત્ત ।
શ્રી દત્ત દત્ત ભગવન્નતિચીર દત્ત
શ્રી દત્ત દત્ત ભગવન્નતિનીર દત્ત ॥ ૬૨ ॥

શ્રી દત્ત દત્ત કુસુમાંજલિતુષ્ટ દત્ત
શ્રી દત્ત દત્ત સુદલાંજલિતુષ્ટ દત્ત ।
શ્રી દત્ત દત્ત સુફલાંજલિતુષ્ટ દત્ત
શ્રી દત્ત દત્ત ઉદકાંજલિતુષ્ટ દત્ત ॥ ૬૩ ॥

શ્રી દત્ત દત્ત કમનીયસ્વરૂપ દત્ત
શ્રી દત્ત દત્ત રમણીયસ્વરૂપ દત્ત ।
શ્રી દત્ત દત્ત કવનીયસ્વરૂપ દત્ત
શ્રી દત્ત દત્ત નમનીયસ્વરૂપ દત્ત ॥ ૬૪ ॥

શ્રી દત્ત દત્ત ધૃતકમ્બલ દત્ત દત્ત
શ્રી દત્ત દત્ત અતિસુન્દર દત્ત દત્ત ।
શ્રી દત્ત દત્ત પ્રિયતુમ્બર દત્ત દત્ત
શ્રી દત્ત દત્ત જ્ઞધુરન્ધર દત્ત દત્ત ॥ ૬૫ ॥

શ્રી દત્ત દત્ત બલદર્પિતકાલ દત્ત
શ્રી દત્ત દત્ત હતકાલવિકાલ દત્ત ।
શ્રી દત્ત દત્ત અતિભાસુરભાલ દત્ત
શ્રી દત્ત દત્ત પરિખંડિતજાલ દત્ત ॥ ૬૬ ॥

શ્રી દત્ત દત્ત દહરાર્ચિત દત્ત દત્ત
શ્રી દત્ત દત્ત વિપુલાર્ચિત દત્ત દત્ત ।
શ્રી દત્ત દત્ત વિમલાર્ચિત દત્ત દત્ત
શ્રી દત્ત દત્ત સમલાર્ચિત દત્ત દત્ત ॥ ૬૭ ॥

શ્રી દત્ત દત્ત નવનીતમરાલ દત્ત
શ્રી દત્ત દત્ત નગરાજકરાલ દત્ત ।
શ્રી દત્ત દત્ત જઠરાપિ ચ બાલ દત્ત
શ્રી દત્ત દત્ત લઘુરૂપ વિશાલ દત્ત ॥ ૬૮ ॥

શ્રી દત્ત દત્ત ગુણપૂજિત દત્ત દત્ત
શ્રી દત્ત દત્ત વરપૂજિત દત્ત દત્ત ।
શ્રી દત્ત દત્ત બહુભોજક દત્ત દત્ત
શ્રી દત્ત દત્ત ભવયોજક દત્ત દત્ત ॥ ૬૯ ॥


શ્રી દત્ત દત્ત પ્રિયમોદક દત્ત દત્ત
શ્રી દત્ત દત્ત બહુશોધક દત્ત દત્ત ।
શ્રી દત્ત દત્ત ઋતબોધક દત્ત દત્ત
શ્રી દત્ત દત્ત ભવરોધક દત્ત દત્ત ॥ ૭૦ ॥

શ્રી દત્ત દત્ત પ્રમદાSSવૃત દત્ત દત્ત
શ્રી દત્ત દત્ત જરઠાSSવૃત દત્ત દત્ત ।
શ્રી દત્ત દત્ત વિબુધાSSવૃત દત્ત દત્ત
શ્રી દત્ત દત્ત અબુધાSSવૃત દત્ત દત્ત ॥ ૭૧ ॥

શ્રી દત્ત દત્ત દધિતસ્કર દત્ત દત્ત
શ્રી દત્ત દત્ત ધૃતમસ્કર દત્ત દત્ત ।
શ્રી દત્ત દત્ત જિતભાસ્કર દત્ત દત્ત
શ્રી દત્ત દત્ત કૃતભાસ્કર દત્ત દત્ત ॥ ૭૨ ॥

શ્રી દત્ત દત્ત મધુરાક્ષર દત્ત દત્ત
શ્રી દત્ત દત્ત અગમાક્ષર દત્ત દત્ત ।
શ્રી દત્ત દત્ત સુરસાક્ષર દત્ત દત્ત
શ્રી દત્ત દત્ત અગ અક્ષર દત્ત દત્ત ॥ ૭૩ ॥

શ્રીદત્ત દત્ત વચસાવદ ભદ્રજિહ્વે
શ્રીદત્ત દત્ત મનસા સ્મર ચિત્તબન્ધો ।
શ્રીદત્તમેવ વપુષાSર્ચય વન્દ્ય સાધો
શ્રીદત્તમેવ શિરસા નમ રંગ દીન ॥ ૭૪ ॥

卐  卐

નામસંકીર્તનં પુણ્યં ભક્તિભાવસમન્વિતમ્ ।
ભુક્તિદં મુક્તિદં લોકે કિં ન પાયાત્સદા ભયાત્ ॥ ૭૫ ॥

દત્ત દત્ત સ્મરન્મેSયં દેહઃ પતતુ નિર્જને ।
ચરન્તુ પક્ષિણઃ સર્વે મિષ્ટાન્નં દેહજં મમ ॥ ૭૬ ॥

કાષાયવાસસમજં કમલાક્ષમેકમ્,
માલાકમણ્ડલુધરં રમણીયલીલમ્ ।
ગોશ્વાનક્રીડનપરં નિગમાન્તકેલિમ્,
દેવત્રયાત્મકમહં સતતં નતોSસ્મિ ॥ ૭૭ ॥

જન્મજન્માર્જિતં પુણ્યં પાપં વાપિ તથૈવ ચ ।
દત્તપાદાર્પિતં તેSસ્તુ નાસ્તિ મે કિંચનાત્ર હ ॥ ૭૮ ॥

કાયેન મનસા વાપિ યદ્યત્કર્મ શુભાશુભમ્ ।
કરોમ્યત્ર કરિષ્યામિ તદસ્તુ ત્વત્સમર્પિતમ્ ॥ ૭૯ ॥

દત્તનામૈવ નામૈવ નામૈવ મમ જીવનમ્ ।
કલૌ નાસ્ત્યેવ નાસ્ત્યેવ નાસ્ત્યેવ ગતિરન્યથા ॥ ૮૦ ॥

સદાચારો દુરાચારો યો વૈ ભક્ત્યા પ્રસેવતે ।
દત્તનામામૃતં હ્યેતત્ સ સાધુર્નોચિરાદ્ભવેત્ ॥ ૮૧ ॥

નો પાપં વિદ્યતે લોકે નામ્ના યન્નૈવ દહ્યતે ।
'અપિ ચેત્ સુદુરાચારો' વૃથોક્તં કિં નુ શાર્ઙ્ગિણા ॥ ૮૨॥

શ્વાસે શ્વાસે પ્રકુર્વીત દત્તનામાનુઘોષણમ્ ।
તોષણં સાધુવૃન્દાનામ્ શોષણં ભવપાથસામ્ ॥ ૮૩ ॥


કામં કલ્પદ્રુમો હ્યેષ સાધુવૃન્દાનુસેવિતઃ ।
દત્તાત્રેયો મહાયોગી કલૌ શ્રીપાદવલ્લભઃ ॥ ૮૪ ॥

ચતુરશીતિરિયં નતિગર્ભા ચતુરશીતિવિનાશફલૈકા ।
અહરહઃ પ્રયતેન સુસેવ્યા ભવજલામ્બુધિપારણનૌકા ॥૮૫।

ઈતિ શ્રીદત્તપાદારવિન્દમિલિન્દબ્રહ્મચારિપાણ્ડુરંગ -(રંગ અવધૂત) મહારાજવિરચિતં દત્તનામસંકીર્તનં સપૂર્ણમ ।
॥ ઈતિ શમ્ ॥
॥ અવધૂત ચિંતન શ્રી ગુરૂદેવ દત્ત ॥

કોઈ હૈયામાં હરખ ન માય ભજન ગાઓ --(હૈયામાં હરખ ન માય--આવી વસંતની બહાર - એ રાહ)

હૈયામાં હરખ ન માય, સદ્ગુરુ પૂજન આજે,
મનડું બહુ હરખાય, અવધૂત-પૂજન આજે ........... ટેક.
ભક્તો આવો ભાવિક આવો, જય શ્રીરંગની ધૂન મચાવો,
નાચો આનંદે અપાર, અવધૂત-પૂજન આજે ........... હૈયામાં.



પુષ્પો લાવો હાર બનાવો, શ્રી ગુરુજીને પ્રેમે ચઢાવો,
ગાવો મુખેથી એ ગાન, અવધૂત-પૂજન આજે ..........હૈયામાં.
શ્રીફળ ફોફળ મીઠા મેવા, અર્પો ગુરુને કરીને સેવા,
જાશે જનમનાં પાપ, અવધૂત-પૂજન આજે ........... હૈયામાં.
ગુરુ પૂજનનો આવો લ્હાવો, મૂરખ બની નહીં વ્યર્થ ગુમાવો,
આવો મૂકીને ગુમાન, અવધૂત-પૂજન આજે ........... હૈયામાં.
જીવનમાં આ શુભ પળ મોટી, એ વિણ જાતી સહુ પળ ખોટી,
બાળક ચૂકે ના એ લ્હાણ; અવધૂત-પૂજન આજે .......હૈયામાં.

- નોંધઃ અભીષેકનાં પાણી માં થી બે ચમચી ભરી પાણી પંચામૃત માં લઇ લેવું
- પાદુકાજી ને હાથમાં લઇ ચોખ્ખા પાણીથી ધોઇ લો. ત્યાર પછી પાદુકાજી કોરા કપડા વડે ચોખ્ખા કરી લો અને અત્તર લગાડી આપો.
- પાદૂકાજીને નવી ડીશ/(જૂની ચોખ્ખી કરી) માં નાગરવેલ નાં પાન નું આસન આપી બેસાડો
- પાદુકાજી પર ચંદન લગાડો અને ફૂલ ચઢાવો

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ ભગવદ્ રંગાવધૂત ચરણકમલ શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ ।**
**શુદ્ધોદકસ્નાનમ્ સમર્પયામિ । શુદ્ધોદકસ્નાનાન્તે જલમ્ સમર્પયામિ ।**

એક આચમની ભરી પાણી ડીશ માં મૂકી દો

**શુદ્ધોદકસ્નાનાન્તે શુદ્ધ વસ્ત્રેણ અંગપ્રોચ્છનમ્ ।**


ભગવાનને ચોખ્ખા વસ્ત્ર થી લૂછી આપો

**૧૫) વસ્ત્રઃ** હાથમાં વસ્ત્ર લઇ તેનો એક છેડો પાણી થી ભીનો કરવો

**ૐ તસ્માદ્ જજ્ઞાત્ સર્વહુત ઋચઃ સામાનિ જજ્ઞિરે ।**
**છંદાગ્ગું સિ જજ્ઞિરે તસ્માજ્ જજુસ્તસ્માદ જાયત ॥**

**નિસ્ત્રૈગુણ્યઃ સંસૃતિભંગો નિઃસંગો**
**બાલોન્મત્ત-પિશાચસુવેષો બહુરંગઃ ।**
**લીલારૂપમરૂપો ધૃત્વા બહુ રેમે**
**દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥**

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ ભગવદ્ રંગાવધૂત ચરણકમલ શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ ।**
**વસ્ત્રામ્ સમર્પયામિ । વસ્ત્રાંતે જલમ્ સમર્પયામિ**



**૧૬) યજ્ઞોપવીતઃ** હાથમાં જનોઇ લઇ તેનો એક છેડો પાણી થી ભીનો કરવો

ૐ તસ્માદ્શ્વાSઅજાયન્ત જે કે ચોભયાદ્તઃ ।
ગાવો હ જજ્ઞિરે તસ્મ્માત્તસ્માજ્જાતાઅજાવયઃ ॥

વાસોહીનો વાસયતીદં સકલં યો
હ્યન્તર્બાહ્યં વ્યાપ્યૈકપદે હ્યવશિષ્ટઃ ।
આત્મારામો વનવિશ્રામો વરવર્ણી
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોSસ્મિ ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ભગવદ્ રંગાવધૂત ચરણકમલ શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ ।
યજ્ઞોપવીતમ્ સમર્પયામિ ।

એક આચમની ભરી પાણી ડીશ માં મૂકી આપો
યજ્ઞોપવીતાન્તે જલમ્ સમર્પયામિ

**૧૭) ચંદનંઃ** પાદુકાજી ઉપર ચંદન કરી આપો

ૐ તં જજ્ઞં બરેહિખિ પ્રૌક્ષન્પુરુખં જાતમગ્ગ્રતઃ ।
તેન દેવાSઅયજન્ત સાધ્યાSઋખયશ્ચ જે ॥


વર્ણાવર્ણાતીત - સુવર્ણસ્ત્વતિ - વર્ણો
ધર્માધર્માતીત - સુધર્મસ્ત્વતિ - ધર્મા ।
કર્માકર્માતીત - સુકર્મા યઃ કર્તા
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોSસ્મિ ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ભગવદ્ રંગાવધૂત ચરણકમલ શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ ।
ગંધમ્ સમર્પયામિ ।

**૧૮) પુષ્પઃ**

હાથમાં ફૂલ પકડી રાખો

ૐ જત્પુરુખં વ્યદધુઃ કતિધા વ્યકલ્પયન્ ।
મુખં કિમસ્યાસીત્કિમ્ બાહૂ કિમૂરૂપાદાSઉચ્યે તે ॥



**ત્યાગી ભોગી જટિલો મુંડી યો ભિક્ષુઃ**
**શિક્ષાર્થં કુરુતે મિતભૈક્ષ્યં મધ્યાહ્ને ।**
**યં હ્યવધૂતં નો જાનીતે હતભાગ્યો**
**દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥**

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ ભગવદ્ રંગાવધૂત ચરણકમલ શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ ।**
**પુષ્પાણી સમર્પયામિ ।** (એક કરતા વધારે ફૂલ હોય તો “પુષ્પાણી” શબ્દ વપરાય)

ભજનઃ કોઇ દત્ત દત્ત બોલો ભજન ગાઓ

દત્ત દત્ત બોલો આનંદ મસ્ત ડોલો ! - ટેક
અનસૂયાનો જાયો, એ મોરે મન ભાયો;
દેખો ઉર મતવાલો ! આનંદમસ્ત ડોલો ! ........... ૧
ગૈયા - કુકકુર સંગે, ઉભો અસંગ ઉમંગે;
મુનિમન મોહનહારો ! આનંદમસ્ત ડોલો! ........... ૨
કરમાં કુંડી[૧] માળા, શોભે ઝોળી મૃગછાલા;
ચલે ન માયા-ચાળો ! આનંદમસ્ત ડોલો! ........... ૩
ઘરઘર અલખ જગાવે, બોધે તિમિર[૨] મિટાવે,
નતજન-તારણહારો[૩] ! આનંદમસ્ત ડોલો! ........... ૪
આપી નિજ પર કાજે, દ-દ-દ[૪] ગંભીર ગાજે,
વિરલો રંગ નિહાળો! આનંદમસ્ત ડોલો! ........... ૫

---


૧. કમંડળ, ૨. અજ્ઞાનરૂપી અંધકાર, ૩. શરણે આવેલાને તારનાર, ૪. દમન, દયા, દાન

જો પુષ્પમાળા હોય તો ભગવાનને ચઢાવી દો
**દુર્વાઃ** પાદુકાજી ઉપર તુલસી, બીલીપત્ર, અબીલ, ગુલાલ, કંકુ અને હળદર ચઢાવો

૧૯) ધૂપઃ (અગરબત્તી ચાલુ છે તે જોઇ લેવુ)

**ૐ બ્રાહ્મણોસ્ય મુખ માસીદ્ બાહૂ રાજન્ન્યઃ કેતઃ ।**
**ઊરૂ તદસ્ય જદ્વૈશ્યઃ પદ્ભ્યાગ્ગું શૂદ્રોઽજાયત ॥**

**હંસં તમસઃ પારં સારં નૃભવસ્ય**
**કાલં કાલાતીતમતીતં વિભવસ્ય ।**
**ગો-કુકકુરસમ-દૃષ્ટિં દૃષ્ટિં દૃષ્ટેર્હિ**
**દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥**



ૐ ભૂર્ભુવઃ સ્વઃ ભગવદ્ રંગાવધૂત ચરણકમલ શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ ।
ધૂપં આઘ્રાપયામિ ।

એક આચમની ભરી પાણી ડીશ માં મૂકી આપો

૨૦) દીપઃ (દીપ ચાલુ છે એ જોઇ લેવુ)

ૐ ચન્દ્રમા મનસો જાતશ્ચક્ષોઃ સૂર્યો અજાયત ।
શ્રોત્રાદ્વાયુશ્ચ પ્રાણશ્ચ મુખાદગ્નિરજાયત ॥

અન્તર્યામી યો બહિરાસ્તે ગુરુરૂપો
વિષ્ણુબ્રહ્મસદાશિવરૂપો બહુરૂપઃ ।
દાનાદિત્રિતયં યચ્છિક્ષા ત્વકહન્ત્રી
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોડસ્મિ ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ભગવદ્ રંગાવધૂત ચરણકમલ શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ ।
દીપં દર્શયામિ ।

એક આચમની ભરી પાણી ડીશ માં મૂકી આપો
નોંધઃ કોઇ ને નૈવેદ્ય લાવવા માટે કહેવું


૨૧) નૈવેદ્યઃ
આપણે બધા સાથે ધૂન બોલીશું

ૐ ગુરુ દત્તા, શ્રી ગુરુ દત્તા અનસૂયાનંદન ૐ ૐ, અનસૂયાનંદન ૐૐ
ૐ ગુરુ રંગા, શ્રી ગુરુ રંગા રૂકમાઇનંદન ૐ ૐ, રૂકમાઇનંદન ૐૐ

★ પાદુકાજી ને પાટલા ઉપર થી ટેબલ ઉપર મૂકો
★ નૈવેદ્ય માં દરેક વાનગી ઉપર તુલસી પત્ર છે એ જોઇ લેવું
**થાળઃ** આપણે બધા સાથે થાળ ગાઇશું
(રાગઃ જમો જમાડું પાંડુરંગ; અથવા યે આંધી હૈ દિયેકી ઔર તુફાનકી)

પ્રેમે પધારો સદ્‌ગુરુ નાથ મારા નારેશ્વર નાં નાથ
તમે ભિક્ષા જમોને મારા હાથની, હું તો ઉઠીતી અવધૂત અડધી રાત ની ......... ટેક

પહેલા મંગળ સ્નાન કરીને, તન ને મન થી પવિત્ર થઇને,
મેં તો સગડી સળગાવી ભલી ભાત ની .......... હું તો ઉઠીતી ૧.



卐 卐

મારે હાથે દળેલા ઘઉં નો, લુવો બાંધ્યો ઘી મોવણનો,
પ્રેમે શેકી બનાવી રૂડી ભાખરી .......... હું તો ઉઠીતી ૨.

મેં તો બનાવી મગ ની દાળ, કીધો ઘી જીરા નો વઘાર,
સાત્વિક સુગંધ ફોરે છે એના સ્વાદની .......... હું તો ઉઠીતી ૩.

પરવળ બટાકા માં એમ, સિંધવ-જીરૂ નાંખી તેમ,
મેં તો વ્યંજન વઘાર્યું ભલા ભાવ થી .......... હું તો ઉઠીતી ૪.

મેં અવધૂતી ખીચડી કીધી, અંદર ઘી ની સેરો દીધી,
મોળા દહીં નો કટોરો ભર્યો ભાવ થી .......... હું તો ઉઠીતી ૫.

મૂળા, મોગરી ટામેટા નું, કીધું કચુંબર મઝા નું,
નથી ભૂલી લીંબુ ની ફાડ લાવવી .......... હું તો ઉઠીતી ૬.

નિર્મળ રેવાજી નાં વારિ, હું તો લાવી ભરી ને ઝારી,
પ્રેમે આચમન કરાવું મારા હાથ થી .......... હું તો ઉઠીતી ૭.

--------- અહીં અટકવું --------

મુખવાસ:
કાળી દ્રાક્ષ, મરી, સિંધવ ને લીંબુ ના રસ માં ઘોળી ને
એની ગોળી સ્વીકારો મુખવાસ ની .......... હું તો ઉઠીતી ૮.


મારા રંગ ને જમતા જોતાં, નૈને નેહ નાં નીર નિતરતાં,
એણે આશા પૂરી છે દીન 'બાળ' ની .......... હું તો ઉઠીતી ૯.

(પૂ. ગોવિંદભાઇ ઉપાધ્યાય - જેમણે શ્રી રંગલીલામૃત લખ્યું છે - એમના બા, પૂ. બાપજી માટે જે રીતે રસોઇ કરતા અને જે વાનગીઓ બનાવતા એ થાળ)

**ૐ નાભ્મ્યા આસીદન્તરિક્ષગ્ગૂં શીર્ષ્ણોદ્યૌઃ સમવર્ત્તત ।**
**પદ્ભ્યામ્ભૂમિર્દિશઃ શ્રોત્રાત્તથા લોકાં ર અકલ્પયન્ ॥**

**યં જ્ઞાત્વાન્યદ્ જ્ઞાતવ્યં નો ભુવિ કિંચિદ્**
**યં દૃષ્ટવાન્યદ્ દૃષ્ટવ્યં નો યદ્વવર્જ્યમ્ ।**
**દૃશ્યાતીતં દૃશ્યવિહીનં દૃગ્રૂપં**
**દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥**

**ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ ।**
**ૐ રં રંગ અવધૂતાય નમઃ । ઈતી મૂલ મંત્રેણ સંપ્રોક્ષય ।**



➢ ડાબો હાથ આંખો અને નાક સામે રાખી જમણા હાથે ભગવાનને જમાડો

**ૐ પ્રાણાય સ્વાહા** (અંગૂઠો + પ્રથમ અને બીજી આંગળી)
**ૐ અપાનાય સ્વાહા** (અંગૂઠો + બીજી અને ત્રીજી આંગળી)
**ૐ વ્યાનાય સ્વાહા** (અંગૂઠો + ત્રીજી અને ટચલી - છેલ્લી આંગળી)
**ૐ ઉદાનાય સ્વાહા** (અંગૂઠો + પ્રથમ અને ટચલી - છેલ્લી આંગળી)
**ૐ સમાનાય સ્વાહા** (અંગૂઠો + બધી આંગળીઓ)

➢ નૈવેદ્ય ધરાવતી વખતે હાથ નૈવેદ્ય તરફથી પાદૂકાજી તરફ જવો જોઇએ
➢ એક આચમની ભરી પાણી ડીશ માં મૂકી આપો

**ૐ પરબ્રહ્મણે નમઃ, મધ્યે પાનીયં સમર્પયામી**

➢ ફરીથી પાંચ વખત ભગવાનને જમાડો

**ૐ પ્રાણાય સ્વાહા** (અંગૂઠો + પ્રથમ અને બીજી આંગળી)
**ૐ અપાનાય સ્વાહા** (અંગૂઠો + બીજી અને ત્રીજી આંગળી)
**ૐ વ્યાનાય સ્વાહા** (અંગૂઠો + ત્રીજી અને ટચલી - છેલ્લી આંગળી)
**ૐ ઉદાનાય સ્વાહા** (અંગૂઠો + પ્રથમ અને ટચલી - છેલ્લી આંગળી)
**ૐ સમાનાય સ્વાહા** (અંગૂઠો + બધી આંગળીઓ)

➢ ચાર વખત પાણી ડીશ માં મૂકો

- **ઉત્તરાપોશનં સમર્પયામી**
- **હસ્તપ્રક્ષાલનં સમર્પયામી**
- **મુખપ્રક્ષાલનં સમર્પયામી**
- **મુખે આચમનીયં સમર્પયામી**


➢ ભગવાનને નમસ્કાર કરી આપો

**શેષોપચારાર્થે નમસ્કારાન્ સમર્પયામિ**

➢ પાદુકાજી ને ચંદન નાં છાંટણા કરી આપો

**કરોદવર્તનાર્થે ગંધમ્ સમર્પયામિ**

➢ ભગવાન પાસે બે ફળ ચોખ્ખા પાણી થી ધોઇ ને મૂકી આપો



**૨૨) મુખવાસાર્થે પૂગીફલ તામ્બૂલઃ** નાગરવેલ ના પાન માં ઇલાયચી, સોપારી અને લવીંગ મૂકી ભગવાનને અર્પણ કરો

ૐ જત્પુરુખેણ હવિખા દેવા જજ્ઞમતન્વત ।
વ્વસન્તોસ્યાસીદાજૂયં ગ્રીખ્મડઇદ્દ્મઃ શરદ્ધવિઃ ॥


શુદ્ધં બુદ્ધમનન્તં નિશ્ચલમનવદ્યં
ગેયં ધ્યેયં જ્ઞેયમજસ્રં સમ્રાજમ્ ।
શબ્દામેયં શબ્દસ્ફોટં સન્માત્રં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ભગવદ્ રંગાવધૂત ચરણકમલ શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ ।
મુખવાસાર્થે પૂગીફલં તાંબુલં સમર્પયામિ ।

**૨૩) દક્ષિણાઃ** હાથ માં ફૂલ પકડી રાખો

ભાવાતીતં ભાવિતભક્તં ભવદાવમ્
વંદ્યં વાદ-વિવર્જિતવેદ્યં વન્નિ-વર્જ્યમ્ ।
સ્ત્રી-પુંભેદ વિહીનમભેદં સુખરૂપમ્
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ભગવદ્ રંગાવધૂત ચરણકમલ શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ ।
દક્ષિણાર્થે પુષ્પાણી સમર્પયામિ ।




## ૨૪) શ્રી દત્તબાવની:

### શ્રી દત્તબાવની

જય યોગીશ્વર દત્ત દયાળ ! તું જ એક જગમાં પ્રતિપાળ,
અત્ર્યનસુયા કરી નિમિત્ત, પ્રગટયો જગકારણ નિશ્ચિત.
બ્રહ્માહરિહરનો અવતાર, શરણાગતનો તારણહાર,
અંતર્યામી સત્ ચિત્ સુખ, બહાર સદ્ગુરુ દ્વિભુજ સુમુખ.
ઝોળી અન્નપૂર્ણા કર માંહ્ય, શાન્તિ કમંડલ કર સોહાય,
કયાંય ચતુર્ભુજ ષડ્ભુજ સાર, અનંતબાહુ તું નિર્ધાર. ૬
આવ્યો શરણે બાળ અજાણ, ઊઠ દિગંબર, ચાલ્યા પ્રાણ !
સૂણી અર્જુન કેરો સાદ, રીઝયો પૂર્વે તું સાક્ષાત્ ;
દીધી ઋદ્ધિ સિદ્ધિ અપાર, અંતે મુક્તિ મહાપદ સાર.
કીધો આજે કેમ વિલંબ, તુજ વિણ મુજને ના આલંબ !! ૧૦
વિષ્ણુશર્મ દ્વિજ તાર્યો એમ, જમ્યો શ્રાદ્ધમાં દેખી પ્રેમ,
જંભદૈત્યથી ત્રાસ્યા દેવ, કીધી મ્હેર તેં ત્યાં તતખેવ,
વિસ્તારી માયા દિતિસુત, ઈંદ્રકરે હણાવ્યો તૂર્ત.
એવી લીલા કંઇ કંઇ શર્વ, કીધી વર્ણવે કો તે સર્વ ? ૧૪
દોડયો આયુ સુતને કામ, કીધો એને તેં નિષ્કામ,
બોધ્યા યદુ ને પરશુરામ, સાધ્યદેવ પ્રહ્લાદ અકામ.
એવી તારી કૃપા અગાધ ! કેમ સૂણે ના મારો સાદ ?
દોડ, અંત ના દેખ અનંત ! મા કર અધવચ શિશુનો અંત !! ૧૮
જોઇ દ્વિજસ્ત્રી કેરો સ્નેહ, થયો પુત્ર તું નિઃસંદેહ.
સ્મર્તુગામી કલિતાર કૃપાળ ! તાર્યો ધોબી છેક ગમાર.
પેટપીડથી તાર્યો વિપ્ર, બ્રાહ્મણશેઠ ઉગાર્યો ક્ષિપ્ર.
કરે કેમ ના મારી વ્હાર ? જો આણીગમ એક જ વાર !! ૨૨
શુષ્ક કાષ્ઠને આણ્યાં પત્ર ! થયો કેમ ઉદાસીન અત્ર ?
જર્જર વંધ્યા કેરાં સ્વપ્ન કર્યાં સફળ તેં સુતનાં કૃત્સ્ન,
કરી દૂર બ્રાહ્મણનો કોઢ, કીધા પૂરણ એના કોડ,
વંધ્યા ભેંસ દુઝવી દેવ, હર્યું દારિદ્રય તેં તતખેવ. ૨૬
ઝાલર ખાઇ રીઝયો એમ, દીધો સુવર્ણઘટ સપ્રેમ.
બ્રાહ્મણ સ્ત્રીનો મૃત ભરથાર, કીધો સજીવન તેં નિર્ધાર !
પિશાચ-પીડા કીધી દૂર, વિપ્રપુત્ર ઉઠાડયો શૂર.
હરી વિપ્રમદ અંત્યજહાથ, રક્ષ્યો ભકત ત્રિવિક્રમ તાત ૩૦
નિમેષમાત્રે તંતુક એક, પ્હોંચાડયો શ્રીશૈલે દેખ !
એકીસાથે આઠ સ્વરૂપ ધરી દેવ બહુરૂપ અરૂપ.
સંતોષ્યા નિજ ભકત સુજાત, આપી પરચાઓ સાક્ષાત્,
યવનરાજની ટાળી પીડ, જાતપાતની તને ન ચીડ, ૩૪
રામકૃષ્ણરૂપે તેં એમ, કીધી લીલાઓ કંઇ તેમ,
તાર્યાં પથ્થર ગણિકા વ્યાધ ! પશુપંખી પણ તુજને સાધ !!
અધમઓધારણ તારું નામ, ગાતાં સરે ન શાં શાં કામ ?
આધિ વ્યાધિ ઉપાધિ સર્વ, ટળે સ્મરણમાત્રાથી શર્વ ! ૩૮
મૂઠચોટ ના લાગે જાણ, પામે નર સ્મરણે નિર્વાણ,
ડાકણ શાકણ ભેંસાસુર, ભૂત પિશાચો જંદ અસુર
નાસે મુઠી દઇને તૂર્ત, દત્તધૂન સાંભળતાં મૂર્ત.
કરી ધૂપ ગાએ જે એમ દત્તબાવની આ સપ્રેમ,
સુધરે તેના બંને લોક, રહે ન તેને કયાંયે શોક !
દાસી સિદ્ધિ તેની થાય, દુઃખ દારિદ્રય તેનાં જાય. ૪૪
બાવન ગુરુવારે નિત નેમ, કરે પાઠ બાવન સપ્રેમ,
યથાવકાશે નિત્ય નિયમ, તેને કદી ન દંડે યમ,
અનેક રૂપે એ જ અભંગ, ભજતાં નડે ન માયા-રંગ !
સહસ્ર નામે નામી એક, દત્ત દિગંબર અસંગ છેક !! ૪૮
વંદું તુજને વારંવાર, વેદ શ્વાસ તારા નિર્ધાર !
થાકે વર્ણવતાં જયાં શેષ, કોણ રાંક હું બહુકૃતવેષ ?
અનુભવતૃપ્તિનો ઉદ્ગાર, સૂણી હસે તે ખાશે માર !
તપસી તત્ત્વમસિ એ દેવ, બોલો જય જય શ્રી ગુરુદેવ ! ૫૨

**અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત.**

★ દત્તબાવની ગવાતી હોય ત્યારે "બાવન ગુરુવારે નીત નેમ" આવે ત્યારે આરતી તૈયાર કરી પ્રગટાવી લેવી



★ **બિરુદાવલિઃ** **અખંડભૂમંડલાચાર્ય, વૈદિકધર્મપ્રચારક, યોગમાર્ગપ્રવર્તક,**
**અત્રિવરદ, અનસૂયાનંદન, પરબ્રહ્મસ્વરૂપ, શ્રીમદ્દત્તાત્રેયાવધૂતો**
**વિજયતેતરામ્ વિજયતેતરામ્ વિજયતેતમામ્ ॥**

**અનન્તકોટિબ્રહ્માંડનાયક, જ્ઞાનકર્મોપાસનામાર્ગત્રયપ્રવર્તક,**
**દકારાદિ-દિવ્યવિદ્યાપ્રદાયક, શ્રીમદ્ દત્તાત્રેયાપરાવતાર,**
**શ્રીવિઠ્ઠલરુક્માઅમ્બાનંદન, યતિવર, શ્રીમદ્ ભગતદ્રંગાવધૂતો**
**વિજયતેતરામ્ વિજયતેતરામ્ વિજયતેતમામ્. ॥**

➤ એક ચંદન વાળુ ફૂલ લઇ આરતી ની થાળી માં મૂકી આપો


★ **આરતીઃ** આપણે બધા ઉભા થઇશું

**આરતી શ્રી રંગ અવધૂત ગુરુ મહારાજ નીઃ**

જય દેવ ! જય દેવ ! (ટેક)
જય પાંડુરંગ સ્વામી ! ગુરુ રંગ અવધૂત સ્વામી *
સહુના અંતર્યામી પૂરણ નિષ્કામી .......... જય દેવ* ૧
આરતી પ્રેમે ઉતારું આણી ઉમંગ, ગુરુ આણી ઉમંગ,
દર્શનથી દુઃખ ટાળો, બાળો ભવસંગ .......... જય દેવ* ૨
સગુણ સ્વરૂપે દેવ ભકતની ભીડ ભાંગો, ગુરુ ભકતની*
દુઃખી હૃદયને જાણી દયા દિલે આણો.......... જય દેવ* ૩
પરમ કૃપાળુ ગુરુદેવ સૌને સુખ કર્તા, ગુરુ સૌને*
અંતરના આનંદથી વિમુખ નવ રહેતા .......... જય દેવ* ૪
લેતાં આપનું નામ સંકટ સહુ જાયે, ગુરુ સંકટ*
જન્મમરણની ભીતી દેખતાં દૂર થાયે.......... જય દેવ* ૫
અખંડ બ્રહ્મસ્વરૂપ બ્રહ્મચારી પોતે, ગુરુ બ્રહ્મચારી*
પ્રથમ આશ્રમ પાળી રહ્યા, શુકદેવને જોટે..........જય દેવ* ૬
કળીયુગમાં ગુરુદેવ કષ્ટ સહન કરતા, ગુરુ કષ્ટ*
દ્વૈત નિકંદન કાઢી અદ્વૈતે રમતા .......... જય દેવ* ૭
ત્રિવિધ તાપના તાપ તેનો ભય ટાળો, ગુરુ તેનો*
જ્ઞાનામૃત છાંટીને શુદ્ધિમાં લાવો.......... જય દેવ* ૮
શિષ્યા[1] કહે ગુરુદેવ ષડ્રિપુ સંહારો, ગુરુ ષડ્રિપુ*
સંશય સઘળા કાપી સદ્બુદ્ધિ આપો.......... જય દેવ* ૯
રંગ અવધૂતની આરતી જે કોઇ ગાશે, ગુરુ જે ભાવે*
કૃપા દત્ત પ્રભુની તેના પર થાશે.......... જય દેવ* ૧૦

---

૧. મૂળીફોઇ (દાસકાકાના દીકરી)



➢ આરતી ની થાળી માં કપૂર પ્રગટાવવું

**કર્પૂરગૌરં કરુણાવતારં સંસારસારં ભુજગેન્દ્રહારમ્ ।**
**સદા વસન્તં હ્રદયારવિન્દે ભવં ભવાની-સહિતં નમામિ ॥**
**મંગલં ભગવાન્ વિષ્ણુર્ મંગલં ગરુડ-ધ્વજઃ ।**
**મંગલં પુંડરીકાક્ષો મંગલાયતનો હરિઃ ॥**
**સર્વ-મંગલ-માંગલ્યે શિવે સર્વાર્થસાધિકે ।**
**શરણ્યે ત્ર્યંબકે ગૌરિ નારાયણિ નમોઽસ્તુ તે ॥**

➢ આચમની ભરી પાણી આરતી ની થાળી ફરતે ત્રણ વખત ફેરવવું
**જલેન પ્રદક્ષિણા કૃત્ય**

➢ ફૂલ થી ભગવાનને આરતી આપો અને ત્યારબાદ તમે આરતી લઇ લો
**પુષ્પૈઃ દેવભીઃ વંદનમ્**

➢ હાથ ધોઇ નાંખો અને બધાને આરતી બતાવી દો

**૨૫) પ્રદક્ષિણાઃ** આ રીતે પ્રદક્ષિણા કરી આપો

**ૐ સપ્તાસ્યાસન્ન પરિધયસ્ત્રિઃ સપ્તસમિધઃ કૃતાઃ ।**
**દેવાજજ્ઞન્તન્વાના અબધ્નન્ પુરુખં પશુમ્ ॥**


**જાગર સ્વપ્ન સુષ્પ્તિવિહીનો યો નિત્યં**
**ભક્તાર્તિઘ્નો જાગર્તીહ પ્રત્યક્ષમ્ ।**
**બાહ્યાભ્યન્તર પૂર્ણ વરેણ્યો વરકીર્તિ -**
**ર્દત્તાત્રેયં તં હ્રદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥**

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ ભગવદ્ રંગાવધૂત ચરણકમલ શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ । પ્રદક્ષિણાં સમર્પયામિ ।**

**૨૬) મંત્રપુષ્પાંજલિઃ** જો સમય ઓછો હોય તો આ મંત્રપુષ્પાંજલિ કરવી

**- : મંત્રપુષ્પાંજલિ : -**

**બ્રહ્માઃ** ૐ વેદનાથાય વિદ્મહે હિરણ્યગર્ભાય ધીમહિ । તન્નો બ્રહ્મા પ્રચોદયાત્ ।
**વિષ્ણુઃ** ૐ નારાયણાય વિદ્મહે વાસુદેવાય ધીમહિ । તન્નો વિષ્ણુઃ પ્રચોદયાત્ ।
**શિવઃ** ૐ તત્પુરુષાય વિદ્મહે મહાદેવાય ધીમહિ । તન્નો રુદ્રઃ પ્રચોદયાત્ ।



卐 卐

**દત્તાત્રેયઃ** ૐ દિગંબરાય વિદ્મહે અવધૂતાય ધીમહિ । તન્નો દત્તઃ પ્રચોદયાત્ ।
ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ । હરીઃ ૐ તત્સત્ । ગુરુદેવ દત્ત ।

➤ જો સમય હોય તો આ મંત્રપુષ્પાંજલિ કરવી.

**- : મંત્રપુષ્પાંજલિ : -**

(યજુર્વેદ) હરિ : ૐ ગણાનાન્ત્વા ગણપતિગ્ગૂં હવામહે પ્રિયાણાન્ત્વા
પ્રિયપતિગ્ગૂં હવામહે નિધીનાન્ત્વા નિધિપતિગ્ગૂં હવામહે વ્વસો મમ ।
આહમજાનિ ગર્બ્ભધમા ત્વમજાસિ ગર્બ્ભધમ્મ ।


હરિ : ૐ બ્બ્રહ્મજજ્ઞાનંપ્રથમમ્પુરસ્તા દ્વિસીમત : સુરુચો
વ્વેન આવ : । સ બુદ્‌ધન્યા ઉપમાSઅસ્ય વ્વિષ્ઠા : સતશ્ચ
જોનિમસતશ્ચ વ્વિવ : ॥ ૐ ઇદં વ્વિષ્ણુર્વ્વિચક્રમે ત્રેધા નિદધે
પદમ્ । સમૂઢમસ્ય પાગ્ગું સુરે સ્વાહા ॥ ૐ ત્ર્યંબકં જજજામહે
સુગન્ધિમ્પુષ્ટિવર્દ્ધનમ્ । ઉર્વ્વારુકમિવ બન્ધનાન્મૃત્યોર્મુક્ષીય મા મૃતાત્ ॥

ૐ જજ્ઞેન જજ્ઞમયજન્ત દેવાસ્તાનિ ધર્મ્માણિ પ્રથમાન્યાસન્ ।
તે હ નાકમ્મહિમાન : સચન્ત જત્ર પૂર્વ્વે સાધ્યા : સન્તિ દેવા : ॥

**ૐ** રાજાધિરાજાય પ્રસહ્યસાહિને । નમો વયં વૈશ્રવણાય કુર્મહે ।
સ **મે** કામાન્કામકામાય મહ્યમ્ । કામેશ્વ**રો** વૈશ્રવણો દદાતુ ।
કુબેરાય વૈશ્રવણાય । મહારાજાય નમ : । **ૐ** સ્વસ્તિ । સામ્રાજયં
ભોજયં, સ્વારાજયં વૈરાજયં, પારમેષ્ઠયં રાજયં, મહારાજયમાધિપત્યમયં
સમન્તપર્યા**યી** સ્યાત્સાર્વભૌમ : સાર્વાયુષ આન્તાદા પરાર્ધાત્ । પૃથિ**વ્યૈ**
સમુદ્રપર્યન્તાયા એકરાડિતિ । તદપ્યેષ શ્લો**કો**Sભિગીતો, મરુતઃ પરિવેષ્ટારો
મરુત્તસ્યાવસન્ ગૃહે આવિક્ષિતસ્ય કામ**પ્રે**ર્વિશ્વેદેવાઃ સભાસદ ઇતિ ॥

ૐ વ્વિશ્વતશ્ચક્ષુરુત વ્વિશ્વતો મુખો વ્વિશ્વતોબાહુરુત વ્વિશ્વતસ્પ્પાત્ ।
સમ્બાહુભ્ભ્યાન્ધમતિ સમ્પતત્રૈર્દ્યાવાભૂમી જનયન્દેવSએક : ॥
ૐ દિગમ્બરાય વિદ્‌મહે, અવધૂતાય ધીમહી । તન્નો દત્ત : પ્રચોદયાત્ ॥
ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ । શ્રી દત્તાત્રેય શ્રીપાદ - શ્રીવલ્લભસ્વરૂપ શ્રીસદ્‌ગુરુ -
શ્રીરંગાવધૂતાય નમઃ । મંત્રપુષ્પાંજલિં સમર્પયામિ ॥

ૐ સ્વસ્તિ ન ઇન્દ્રો વૃદ્ધશ્રવાઃ સ્વસ્તિ નઃ પૂખા વિશ્વવેદાઃ । સ્વસ્તિનસ્તાર્ક્ષ્યો
અરિષ્ટનેમિઃ, સ્વસ્તિ નો બૃહસ્પતિર્દધાતુ । ૐ દ્યૌઃ શાન્તિરન્તરિક્ષગ્ગૂં
શાન્તિઃ પૃથિવી શાન્તિરાપઃ શાન્તિ - રોખધયઃ શાન્તિ : । વનસ્પતય :
શાન્તિર્વિશ્વેદેવાઃ શાન્તિર્બ્રહ્મશાન્તિઃ સર્વગ્ગૂં શાન્તિઃ શાન્તિરેવ શાન્તિઃ,
સામા શાન્તિરેધિ ॥ જતો યતઃ સમીહસે તતો નો અભયં કુરુ ।
શં ન : કુરુ પ્રજાભ્ભ્યો ભયં નઃ પશુભ્યઃ ॥
ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ, સુશાન્તિર્ભવતુ ।



卐 卐

નોંધ : લીટી દોરેલ અક્ષરો લંબાવવા.

‘ કોણ જાણે કે કાલે તારું શું થશે ? પ્રાણીમાત્રની પાછળ કોળિયો કરવા કાળ પડેલો છે. માટે જે કરવાનું છે તે આ ક્ષણે જ કરવા માંડ. ’ **રંગ અવધૂત**

**તેહ નાકમ્મહિમાનઃ સચન્ત જત્ર પૂર્વે સાધ્યાઃ સન્તિ દેવાઃ ॥**

**ત્રીશં તિષ્યે તારકમાદ્યં તત્પદદં**
**દેહે દેહાતીતમભેદ્યં ભકતેષ્ટં ।**
**આદાવન્તે હ્યેકમભંગં વરરંગમ્**
**દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥**

➢ બધા પાસેથી ફૂલ લઇ પાદુકાજી પર ચઢાવો. ફૂલ ભેગા કરતી વખતે ધૂન ગાવી

**ધૂનઃ પાવના દત્તા પતિતપાવના દત્તા, પાવના દત્તા પતિતપાવના દત્તા........**

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ ભગવદ્ રંગાવધૂત ચરણકમલ શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ ।**
**ચરણકમલે મંત્રપુષ્પાંજલિં સમર્પયામિ ।**

➢ ભગવાનને નમસ્કાર કરી આપો


**૨૭) નમસ્કારઃ**

**શાન્તં યોગીન્દ્રવર્યં દ્વિજકુલતિલકં શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠમ્**
**દત્તાત્રેયં સ્મરન્તં જનહિતનિરતં સચ્ચિદાનંદમગ્નમ્ ।**
**સિદ્ધં રેવાતટસ્થં નિજપરરહિતં નિત્યમત્તાવધૂતમ્**
**સન્તં નારેશ્વરસ્થં મથિતકલિમલં પાંડુરંગં નમામિ ॥**

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ ભગવદ્ રંગાવધૂત ચરણકમલ શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ ।**
**નમસ્કારાન્ સમર્પયામિ ।**

**૨૮) ક્ષમાપનાઃ** નમસ્કાર કરી આપો

પૂજન દરમ્યાન આપણાથી કંઇ પણ ભૂલ થઇ હોય તો ભગવાનની ક્ષમા માંગવા માટે આપણે “અબગુન ન મોરે“ ભજન ગાઇશું



**અબગુન ન મોરે પ્રભુ દેખો રે** (રાગ : માલકૌંસ, તાલ : ત્રિતાલ)

અબગુન ન મોરે, પ્રભુ દેખો રે ................ ધ્રુવ ●
ભટક ભટક ચરનનમેં આયો, લાજ દાસકી રાખો રે ! .......... અબગુન ●
મૈં તો તુંબી કડુવી જનમકી, બના લો તંબૂર વાકો રે ! .......... અબગુન ●
તાર્યો બ્યાધ કસાઇ સજનો, ગનિકા તક કબ રોકો રે ! .......... અબગુન ●
પૂજન જાનું ન, ભજન ન જાનું, **રંગ** દ્વારપે ભેકો રે ! .......... અબગુન ●

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ ભગવદ્ રંગાવધૂત ચરણકમલ શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ ।**
**ક્ષમાપનાર્થે નમસ્કારાન્ સમર્પયામિ ।**

**૨૯) વંદનઃ** આપણે બધા સાથે વંદન બોલીશું

માલાકમંડલુરધઃ કરપદ્મયુગ્મે, મધ્યસ્થપાણિયુગલે ડમરુત્રિશૂલે ।
યસ્ય સ્ત ઊર્ધ્વકરયોઃ શુભશંખચક્રે, વન્દે તમત્રિવરદં ભુજષટ્કયુક્તમ્ ॥ ૧ ॥

કાષાયવાસસમજં કમલાક્ષમેકં, માલાકમંડલુધરં રમણીયલીલમ્ ।
ગોશ્વાનક્રીડનપરં નિગમાન્તકેલિં, દેવત્રયાત્મકમહં સતતં નતોऽસ્મિ ॥ ૨ ॥


ઔદુંબરઃ કલ્પવૃક્ષઃ સંગમઃ કામદાયકઃ । ચિંતામણિર્ગુરોઃ પાદૌ દુર્લભં ભુવનત્રયે ॥ ૩ ॥
કૃતે જનાર્દનો દેવસ્ત્રેતાયાં રઘુનન્દનઃ । દ્વાપરે રામકૃષ્ણૌ ચ કલૌ શ્રીપાદવલ્લભઃ ॥ ૪ ॥

જે જે સ્થળે આ મન જાય મારું, તે તે સ્થળે સદ્‌ગુરુ રૂપ તારું ॥
જયાં જયાં મૂકું મસ્તક હું ગુરો હે, ત્યાં ત્યાં પદદ્વંદ્વ તારાં જ સોહે ॥ ૫ ॥

અવધૂતચિંતન શ્રીગુરુદેવદત્ત
શ્રીમત્ પરમ સદ્‌ગુરુ શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજકી જય ।
ભગવતી રુકમામ્બા માતકી જય ।
શ્રીમત્ સદ્‌ગુરુ શ્રીરંગ અવધૂત ગુરુમહારાજકી જય ।

ગુરુદેવદત્ત ! ગુરુદેવદત્ત !! ગુરુદેવદત્ત !!! નર્મદે હર !
ૐ નમઃ પાર્વતીપતયે હર હર મહાદેવ હર !

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ ભગવદ્ રંગાવધૂત ચરણકમલ શક્તિશ્રી પાદુકાભ્યાં નમઃ ।**
**નમસ્કારાન્ સમર્પયામિ ।**



**૩૦) પૂજાનિવેદનઃ** ફકત ભાઈઓ આચમની ભરી પાણી પકડી રાખો

**અનેન આવાહના, આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમનીય, સ્નાન, વસ્ત્ર, ઉપવીત, ગન્ધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, તામ્બૂલ, દક્ષિણા, પ્રદક્ષિણા, નમસ્કાર, મંત્ર-પુષ્પરૂપૈઃ ષોડશોપચારૈઃ, અન્યોપચારૈશ્ચ પૂર્વકૃત-સંકલ્પાનુસારેણ યથાશક્ત્યા યથાજ્ઞાનેન યથામિલિતોપચારદ્રવ્યૈઃ કૃતપૂજનેન ભગવાન્ શ્રી રંગાવધૂત પ્રીયતાં ન મમ ।**

- પાણી તરભાણા માં મૂકી દો
- ભાઈ ફરીથી એક આચમની ભરી પાણી પકડી રાખો

**ૐ તત્સત્ બ્રહ્માર્પણમસ્તુ ।**

- પાણી તરભાણા માં મૂકી આપો

**ૐ વિષ્ણવે નમઃ । ૐ વિષ્ણવે નમઃ । ૐ વિષ્ણવે નમઃ ।** – ત્રણ વખત બોલો
**વિષ્ણુ સ્મરણાત્ પરિપૂર્ણ તાસ્તુ ।**

નમસ્કાર કરી આપો. બધા સાથે “ **દિગંબરા દિગંબરા શ્રી પાદવલ્લભ દિગંબરા** ” ધૂન બોલીશું

**૩૧) રેવાગીતમ્ઃ**

ગાયતિ રેવારવમધુરમ્ (૨)
હર હર ૐ ૐ હર હર ૐ ૐ હર હર ૐ ૐ હર હર ૐ !
સાયં પ્રાતઃ પ્રાતઃ સાયં હર હર ૐ ૐ સતતમિતિ ॥ ગાયતિ ॥ ૧ ॥

મેકલજાતા મનસિ વિભાતા, રૌતિ કલં કિમપીહ ચિરમ્ ।
ત્વમહમહં ત્વં ત્વમહમહં ત્વં ત્વમહમહં ત્વં ત્વમહમિતિ ॥ ગાયતિ ॥ ૨ ॥

તડિદુજ્જવલજલમુખતઃ સ્તૌતિ, નીરંગં નાનારંગમ્ ।
બ્રહ્માહં ત્વં બ્રહ્મૈવેદં જલશીકરવદભિન્નમિતિ ॥ ગાયતિ ॥ ૩ ॥

**અવધૂતચિંતન શ્રીગુરુદેવદત્ત**

**૩૨) મૌનઃ** આપણે બધા ત્રણ વખત “ ૐ નમઃ શિવાય, શિવાય નમઃ ૐ ” બોલી બે મીનીટ મૌન કરીશું

**અવધૂતચિંતન શ્રીગુરુદેવદત્ત**